# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 11-08-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day: TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

****************************************************

1. ઝારખંડમાં વિદ્યાર્થીઓ સામે પોલીસ કાર્યવાહીના વિરોધમાં સંસદ પરિસરમાં NDAના સાંસદોની કૂચ-વિપક્ષો પર સંસદની કામગીરી ઠપ્પ કરવાનો આરોપ.
2. પ્રધાનમંત્રીની અધ્યક્ષતામાં નવી દિલ્હી ખાતે યોજાયેલી NDAની મંગલ મિલન બેઠકમાં તિરંગા લહેરાવાયા.
3. અલગ અલગ મુદ્દાઓને લઇને વિપક્ષોના હોબાળાના પગલે સંસદના બંને ગૃહોની કામગીરી સ્થગિત.
4. SIR દરમિયાન પશ્ચિમ બંગાળમાં મતદારોના નામ રદ કરવા સંબંધિત અરજીઓની સર્વોચ્ચ અદાલતે ચૂંટણી પંચ પાસે માહિતી માંગી.
5. ગ્રીન કાર્ડ, નાગરિકતા અને આશ્રય સહિત અનેક ઇમિગ્રેશન લાભો માટે ઓનલાઈન અરજીઓ ફરજિયાત બનાવવાની અમેરિકાની યોજના.
6. પશ્ચિમ એશિયાની અનિશ્ચિતતા વચ્ચે ભારતીય શેરબજારમાં ઘટાડો.

-----------------------------------

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો...

# NDA MP PROTEST

ઝારખંડમાં વિદ્યાર્થીઓ પર પોલીસ કાર્યવાહીના વિરોધમાં NDAના સાંસદોએ સંસદ પરિસરની અંદર કૂચ કરી હતી. સાંસદોએ પ્લેકાર્ડ લઈને આરોપ લગાવ્યો હતો કે, વિપક્ષ ચર્ચા ટાળી રહ્યો છે, સરકાર દ્વારા ખાતરી આપવામાં આવી હતી કે ગૃહમંત્રી અમિત શાહ વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શનો અંગેનો જવાબ આપવા માટે તૈયાર છે. NDA સંસદીય બેઠક, મંગલ મિલન બાદ આ કૂચ થઈ હતી.

કેન્દ્રીય મંત્રી અનુપ્રિયા પટેલે વિપક્ષ પર સંસદની કામગીરીમાં જાણી જોઈને ખલેલ પહોંચાડવાનો આરોપ લગાવ્યો હતો. મીડિયા સાથે વાત કરતા શ્રીમતી પટેલે કહ્યું કે, વિપક્ષે શરૂઆતમાં પેપર લીકનો મુદ્દો ઉઠાવ્યો હતો અને શિક્ષણ મંત્રીના રાજીનામાની માંગણી કરી હતી, જેને સરકારે સ્વીકારી લીધી હતી. તેમણે કહ્યું કે તેમની માંગણીઓ સ્વીકારાઈ હોવા છતાં, વિપક્ષી પક્ષો ચર્ચા માટે તૈયાર નથી.

# REV. NDA MANGAL MILAN

એનડીએ સંસદીય પક્ષની સાપ્તાહિક બેઠક 'મંગલ મિલન' આજે નવી દિલ્હીમાં સંસદ ભવનના પરિસરમાં યોજાઈ. બેઠક દરમિયાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, ગૃહમંત્રી અમિત શાહ, ભાજપ પ્રમુખ નીતિન નવીન અને એનડીએના અન્ય નેતાઓએ તિરંગા લહેરાવ્યા હતા.

# DELHI ASSEMBLY TIRANGA YATRA

દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તા, દિલ્હી વિધાનસભાના અધ્યક્ષ વિજેન્દ્ર ગુપ્તા, ધારાસભ્યોએ દિલ્હી વિધાનસભા પરિસરમાં તિરંગા યાત્રા યોજી હતી.

આ યાત્રા મહાત્મા ગાંધીની પ્રતિમાથી શરૂ થઈ હતી અને ડો. બી.આર. આંબેડકરની પ્રતિમા પાસે સમાપ્ત થઈ હતી, જ્યારે પંજાબમાં તિરંગા યાત્રા યોજાઇ હતી. ગઈકાલે સાંજે રોપર જિલ્લામાં ભાજપ પંજાબ પ્રમુખ કેવલ સિંહ ધિલ્લોનના નેતૃત્વમાં, સેંકડો યુવાનોએ હાથમાં ત્રિરંગો લઈને દેશભક્તિ અને રાષ્ટ્રીય એકતાનો સંદેશ આપ્યો હતો.

ચંદીગઢ વહીવટીતંત્રે "હર ઘર તિરંગા - વંદે માતરમના 150 વર્ષ" અભિયાનના ભાગ રૂપે એક સાંસ્કૃતિક કાર્યક્રમનું પણ આયોજન કર્યું હતું. વહીવટીતંત્રે 17 ઓગસ્ટ સુધી શહેરમાં સાંસ્કૃતિક કાર્યક્રમો અને પ્રદર્શનો ઉપરાંત તિરંગા રેલીઓ, વોકેથોન, બાઇક અને કાર રેલી, રંગોળી અને રાખી બનાવવાની કાર્યશાળાઓ, તિરંગા મેળા અને નુક્કડ નાટકો સહિત અનેક જન ભાગીદારી પ્રવૃત્તિઓનું આયોજન કર્યું છે.

# FUR REV LS - RS -ADJOURN

NEET મુદ્દા પર વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શન દરમિયાન કથિત પોલીસ કાર્યવાહી સહિત અનેક મુદ્દાઓ પર વિપક્ષના હોબાળાને કારણે લોકસભા અને રાજ્યસભાની કાર્યવાહી બપોરે 2 વાગ્યા સુધી સ્થગિત કરાઇ.

આજે લોકસભા શરૂ થતાં અધ્યક્ષ ઓમ બિરલાએ પ્રશ્નકાળ શરૂ કરવાનો પ્રયાસ કર્યો, પરંતુ વિપક્ષના સભ્યોએ વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શન દરમિયાન કથિત પોલીસ કાર્યવાહીનો મુદ્દો ઉઠાવતા કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના નિવેદનની માંગ કરી હતી. શ્રી બિરલાએ વિપક્ષના સભ્યોને ગૃહના સંચાલનમાં સહયોગ આપવા અપીલ કરતાં કહ્યું કે, વિપક્ષની બંને મુખ્ય માંગણીઓ સ્વીકારવામાં આવી છે.

## BYTE – OM BIRLA

હોબાળો ચાલુ રહેતાં, અધ્યક્ષે ગૃહને બપોરે 2 વાગ્યા સુધી મુલતવી રાખ્યું. રાજ્યસભા પણ આ જ મુદ્દા પર પ્રથમ બપોરે 12 વાગ્યા સુધી મુલતવી રહ્યા બાદ ફરી શરૂ થતાં સભાપતિ સી પી રાધાકૃષ્ણને પ્રશ્નકાળ શરૂ કર્યો, પરંતુ ભારે હોબાળા વચ્ચે ગૃહની કાર્યવાહી બપોરે 2 વાગ્યા સુધી સ્થગિત કરાઇ.

# LS - EL NINO

સરકારે કહ્યું છે કે તે ભારતીય હવામાન વિભાગ સાથે ગાઢ સંકલનમાં ચોમાસાની બદલાતી પરિસ્થિતિ અને કૃષિ પર અલ નિનોની સંભવિત અસર પર સતત નજર રાખી રહી છે. કૃષિ અને ખેડૂત કલ્યાણ રાજ્યમંત્રી રામનાથ ઠાકુરે આજે લોકસભામાં એક પ્રશ્નના લેખિત જવાબમાં આ માહિતી આપી. તેમણે કહ્યું કે 15 રાજ્યો માટે જિલ્લા કૃષિ આકસ્મિક યોજનાઓ અપડેટ કરવામાં આવી છે જેમાં 342 જિલ્લાઓનો સમાવેશ થાય છે જ્યાં સામાન્યથી ઓછો વરસાદ પડવાની સંભાવના છે. શ્રી ઠાકુરે ભાર મૂક્યો કે અલ નિનો સંબંધિત જોખમોને ઘટાડવા માટે ભારતીય કૃષિ સંશોધન પરિષદ દ્વારા કૃષિ વિજ્ઞાન કેન્દ્રો માટે માનક સંચાલન પ્રક્રિયાઓ (SOP) પણ જારી કરવામાં આવી છે.

# SC SIR WB

સર્વોચ્ચ અદાલતે ચૂંટણી પંચને પશ્ચિમ બંગાળમાં મતદાર યાદીઓના સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન દરમિયાન મતદારોના નામ રદ કરવા સંબંધિત અરજીઓ કરવા માટે નિયુક્ત કરાયેલા ટ્રિબ્યુનલ્સ દ્વારા અત્યાર સુધી નિર્ણય લેવાયેલી અપીલોની વિગતો પ્રદાન કરવા જણાવ્યું હતું.

મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતની આગેવાની હેઠળની બેન્ચે કોંગ્રેસના નેતા અધીર રંજન ચૌધરીની SIR સંબંધિત અપીલોનો ઝડપી નિકાલ કરવાની અરજીની નોંધ લીધી. અદાલતે અરજીની વધુ સુનાવણી 25 ઓગસ્ટના રોજ નક્કી કરી.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# CONFERENCE HOUSING

શહેરી વિકાસ વિભાગના સચિવ સતેન્દ્ર સિંહે કહ્યું કે, સસ્તી આવાસ પ્રણાલીને યોજના આધારિત અભિગમથી વિકસાવવાની અને ટકાઉ પ્રણાલીમાં રૂપાંતરિત કરવાની જરૂર છે, જે માલિકી અને ભાડાના મકાનો સહિત અનેક આવાસ વિકલ્પો પ્રદાન કરે છે. આજે નવી દિલ્હીમાં એફોર્ડેબલ હાઉસિંગ: સ્કીમથી સસ્ટેનેબલ ઇકોસિસ્ટમ પર રાષ્ટ્રીય પરિષદને સંબોધતા તેમણે કહ્યું કે, ભારતનું ઝડપી શહેરીકરણ એફોર્ડેબલ હાઉસિંગને આર્થિક વિકાસ, શહેરી સ્થિતિસ્થાપકતા અને સામાજિક વિકાસનો મુખ્ય આધારસ્તંભ બનાવે છે.

શ્રી સિંહે કહ્યું કે, પ્રધાનમંત્રી આવાસ યોજના-શહેરી હેઠળ સવા કરોડથી વધુ ઘરોને મંજૂરી આપવામાં આવી છે. આ પ્રસંગે બોલતા, નીતિ આયોગના સભ્ય, રાજીવ ગૌબાએ જણાવ્યું હતું કે, હાઉસિંગને એક અલગ કલ્યાણકારી પગલા તરીકે નહીં પણ શહેરી આયોજન અને આર્થિક વિકાસના અભિન્ન ઘટક તરીકે જોવું જોઈએ.

# KAVADYATRA

કાવડ યાત્રા દરમિયાન હરિદ્વારમાં મોટી સંખ્યામાં ભક્તો આવી રહ્યા છે. ગઈકાલે સાંજ સુધીમાં ચાર કરોડ 43 લાખ 78 હજારથી વધુ યાત્રાળુઓ પવિત્ર ગંગા જળ લઈને તેમના સ્થળોએ જવા રવાના થયા હતા. આ સાથે જ આ વર્ષની કાવડ યાત્રાનું સમાપન થઈ રહ્યું છે.

સાંભળીએ આ અંગે એક અહેવાલ.......

VC-SAKSHI SINGH

# U.S. IMMIGRATION

અમેરિકા ટૂંક સમયમાં ગ્રીન કાર્ડ, નાગરિકતા અને આશ્રય સહિત અનેક ઇમિગ્રેશન લાભો માટે ઓનલાઈન અરજીઓ ફરજિયાત બનાવશે, જેનો હેતુ કાર્યક્ષમતામાં સુધારો કરવા અને કાર્યકારી ખર્ચ ઘટાડવાનો છે.

સાંભળીએ મૂકેશ બલનો વિસ્તૃત અહેવાલ......

VC: MUKESH BAL

# STOCKS 1200

આજે બપોરના સત્રમાં બેન્ચમાર્ક સ્થાનિક ઇક્વિટી સૂચકાંકો લગભગ અડધા ટકાના ઘટાડા સાથે ટ્રેડ થઈ રહ્યા હતા. છેલ્લા અહેવાલો આવ્યા ત્યારે સેન્સેક્સ 430, જ્યારે નિફ્ટી 135 પોઈન્ટ ઘટીને ટ્રેડ થઈ રહ્યો હતો. ક્ષેત્રીય મોરચે, હોસ્પિટલો, સિમેન્ટ અને FMCGના શેરોમાં વેચવાલી નિકળી હતી.

# MAHA ROAD ACCIDENT

મહારાષ્ટ્રમાં, પુણે-બેંગલુરુ રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર આજે વહેલી સવારે થયેલા અકસ્માતમાં ચાર લોકોના મોત અને બે લોકો ઇજાગ્રસ્ત થયા હોવાના અહેવાલ છે. પુણેથી સાતારા તરફ જઈ રહેલી કારના ડ્રાઇવરે વાહન પરનો કાબુ ગુમાવતાં કાર ડિવાઇડર સાથે અથડાઈને પલટી ગઈ હતી અને સામેની લેનમાં ટ્રક સાથે અથડાઈ હતી. પોલીસે અકસ્માતની તપાસ શરૂ કરી છે.